જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ચાલતી મ.ભો.યો.નું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોરને (સ્વૈચ્છિક સંસ્થા)સોપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૫/૨૨૫/આર
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૪/૦૭/૨૦૧૫

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગના તા.૧૧/૦૬/૨૦૦૭ ઠરાવ ક્રમાંક:- મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/આર,
(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના તા.૨૧/૦૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૧૦૪૮/૪૩૮૯-૯૦ અને
તા.૩૦/૫/૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૧૩૩૩/૪૭૬૭ ,

આમુખ:-

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના તેમાં ભણતાં બાળકોને ગરમ અને પૌષ્ટિક ખોરાક પુરો પાડવાના મૂળભૂત હેતુથી શરૂ કરવામાં હતી અને તે નવેમ્બર-૧૯૮૪ થી અમલમાં છે.આ યોજના પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં અમલમાં છે. આ અગાઉ આ યોજનાનું અમલીકરણ કેટલાક વિસ્તારમાં બિન સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.)મારફતે પ્રાયોગિક ધોરણે કરવા વિચારણા હેઠળ હતું અને તે અન્વયે સંદર્ભ-(૧)ના તા.૧૧/૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક; મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/આરથી અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોરને અમદાવાદના પશ્ચિમ વિસ્તારના છ કેન્દ્રીયકૃત રસોડાના મ.ભો.યો.કેન્દ્રો અને ગાંધીનગર તાલુકાના ગ્રામીણ વિસ્તાર અને ગાંધીનગર શહેરના મ.ભો.યો.ના કેન્દ્રોનું સંચાલન સોપવામાં આવેલ હતું.સંદર્ભ-(૨)ના કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના પત્રથી જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૪૬ તથા ગ્રાન્ટ ઇન એઇડની ૮ પ્રાથમિક શાળાઓ મળીને કુલ-૫૪ શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોર (NGO)ને એક વર્ષ માટે સોપવાની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૪૬ તથા ગ્રાન્ટ ઇન એઇડની ૮ પ્રાથમિક શાળાઓ મળીને કુલ-૫૪ પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાનું સંચાલન અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોર (NGO)ને એક વર્ષ માટે સોપવાની આથી મંજુરી આપવામાં આવે છે.આ અંગેની શરતો અને બોલીઓ આ વિભાગના તા.૧૧/૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક; મભય/૧૦૦૬/સીએમ-૧૨૯/આરથી અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોરને અમદાવાદના પશ્ચિમ વિસ્તારના છ કેન્દ્રીયકૃત રસોડાના મ.ભો.યો.કેન્દ્રો અને ગાંધીનગર તાલુકાના ગ્રામીણ વિસ્તાર અને ગાંધીનગર શહેરના મ.ભો.યો.ના કેન્દ્રોનું સંચાલન સોપવામાં આવેલ હતું.તે મુજબની રહેશે.આ સબંધમાં સબંધિત સંસ્થા સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (એમ.ઓ.યુ.) નક્કી કરવાનું રહેશે.જેની શરતો અને બોલીઓ અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોર સાથે અગાઉ કરવામાં આવેલ છે તે ધોરણે કરવાની રહેશે અને અક્ષયપાત્ર સંસ્થા,બેંગ્લોર સાથે તે અંગેનો મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (એમ.ઓ.યુ.)માં સહી કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,જામનગરને આથી અધિકૃત કરવામાં આવે છે.આ યોજનાનો અમલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,જામનગર દ્વારા નક્કી કરવામાં આવે તે તારીખથી એક વર્ષ માટે શરુ કરવા કમિશ્નરશ્રી,મ.ભો.યો.અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,જામનગરને આથી નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૫૪ પ્રાથમિક શાળાનું સંચાલન અક્ષયપાત્ર સંસ્થાને સોપતી વખતે સદરહું કેન્દ્રોના ૩ સંચાલકો, ૧૯ રસોઇયા,૭૯ હેલ્પરો સહિત કુલ-૧૦૧ માનદ વેતન ધારકો અક્ષયપાત્ર સંસ્થા દ્વારા મ.ભો.યો.ની કામગીરી ખાતે ચાલુ રાખવાના રહેશે.

(૨)શિક્ષણ વિભાગના તા.૧૦/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૦/૬૪૩/આર અનુસાર ધોરણ ૧ થી ૫ માટે વિદ્યાર્થીદીઠ દૈનિક રુ.૩.૫૯ પૈસા અને ધોરણ ૬ થી ૮ માટે વિદ્યાર્થીદીઠ દૈનિક રુ.૫.૩૮ પૈસા એન.જી.ઓ.ને કુકીંગ કોસ્ટ ચુકવવાનું રહેશે.અથવા રાજ્ય સરકારશ્રી એન.જી.ઓ.માટે વખતો વખતના ઠરાવોથી નક્કી કરે તે મુજબનં કુકીંગ કોસ્ટ ચુકવવાનું રહેશે તેમાં આ અંગે આપવામાં આવતા અનાજની (ઘંઉ અને ચોખા)કિંમતનો સમાવેશ થતો નથી.

(૩) અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરે વહીવટી ખર્ચ અને મહેકમનો ખર્ચ ભોગવવાનો રહેશે.તેમજ આ કામગીરી માટે એન.જી.ઓ.એ નાણાકિય વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

(૪) અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરે તેમના હિસાબોનું ઓડીટ ચાટર્ડ એકાઉન્ટટ પાસે કરાવીને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,જામનગરને દર વર્ષે રજુ કરવાનું રહેશે.

(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,જામનગરે અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરે, સાથે અગાઉ મ.ભો.યો.નું સંચાલન એન.જી.ઓ.ને સોપતી વખતે કરવામાં આવેલ એમ.ઓ.યું.મુજબનું એમ.ઓ.યુ. કરવાનું રહેશે અને તેની શરતોનું પાલન કરવાનું રહેશે.

(૬) અક્ષયપાત્ર સંસ્થા,બેગ્લોરને મ.ભો.યો.અંતર્ગત વાહન તથા રીકરીંગ ખર્ચની સહાય ચુકવવાની રહેશે નહી.

૩/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારની તા.૦૬/૦૭/૨૦૧૫ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
--માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ)ની કચેરી,ગાંધીનગર.
-- ચેરમેનશ્રી, અક્ષયપાત્ર સંસ્થા,અમદાવાદ ડેન્ટલ કોલેજ સામે,મું.સાંતેજ તા.કલોલ,જિલ્લો ગાંધીનગર-૩૮૨૧૧૫
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
--મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,જામનગર.
-- નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (મ.ભો.યો.), જામનગર.
-- નાયબ કલેકટરશ્રી (મ.ભો.યો.), જામનગર.
--જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.જામનગર.
--જિલ્લા તિજોરીઅધિકારીશ્રી, જામનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.